ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

રવિવાર ૧૯ એપ્રિલ , ૨૦૨૬

ખેડા જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓના કાફલા સાથે આરોપીઓને દૂષ્કર્મની જગ્યાએ લઇ જઇ પંચનામું કરાયું

ખેડામાં સામુહિક દુષ્કર્મમાં પાપનું 'રી-કન્સ્ટ્રક્શન' કરાયું

સગીરાને ક્યાં બોલાવી ? કઈ રીતે બ્લેકમેલ કરી ? અને કયા લોકેશન પર હવસ સંતોષી ? તેનું પોલીસે નકશો બનાવી તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

ખેડા જિલ્લાને હચમચાવી દેનારા સગીરા પરના સામુહિક દુષ્કર્મ કેસમાં પોલીસ હવે એક્શન મોડમાં આવી છે. ઝડપાયેલા 8 નરાધમોને સાથે રાખીને પોલીસે ઘટનાસ્થળનું રિ-કન્સ્ટ્રક્શન હાથ ધરી ગુનાની કડીઓ મજબૂત કરવાની પ્રક્રિયા કરી છે. સમગ્ર પંથકમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે પોલીસ દ્વારા ટેકનિકલ અને વૈજ્ઞાનિક પુરાવાઓ એકત્રિત કરી આરોપીઓને કડકમાં કડક સજા થાય તે દિશામાં ચક્રગતિમાન કરવામાં આવ્યા છે.

ખેડા પોલીસના ઉચ્ચ અધિકારીઓના કાફલા સાથે આરોપીઓને તે નિર્જન સ્થળોએ લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેઓ સગીરા પર દુષ્કર્મ આચરતા હતા. નરાધમોએ સગીરાને કયા સ્થળે બોલાવી હતી ? કઈ રીતે ડરાવી-ધમકાવીને બ્લેકમેલ કરી હતી ? અને કયા લોકેશન પર આ પાશવી કૃત્ય કર્યું હતું ? તે તમામ બાબતોનું ઝીણવટભર્યું પંચનામું કરવામાં આવ્યું છે. પોલીસે ઘટનાસ્થળેથી મહત્વના પુરાવાઓ પણ કબજે કર્યા છે જે કોર્ટમાં કેસ ચલાવતી વખતે મહત્વની કડી સાબિત થશે.

આ કેસની ગંભીરતાને જોતા જિલ્લા પોલીસ વડા દ્વારા ડે-ટુ-ડે મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તપાસમાં કોઈ કચાશ ન રહી જાય તે માટે એફએસએલની પણ મદદ લેવામાં આવી રહી છે. આગામી દિવસોમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરીને આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવાની પોલીસની ગણતરી છે જેથી પીડિતાને વહેલી તકે ન્યાય મળી શકે. આ ચકચારી કેસમાં પોલીસે અત્યાર સુધી 8 શખ્સોને ઝડપી પાડ્યા છે, પરંતુ હજુ પણ એક આરોપી પોલીસ પકડથી બહાર છે. ફરાર આરોપીને ઝડપી લેવા માટે પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે.

સામુહિક દૂષ્કર્મમાં આઠની ધરપકડ , એક ફરાર

ખેડા જિલ્લા પોલીસ દ્વારા પકડાયેલા શખસોમાં પરવેજ અનવર ઉર્ફે મુનાવર મુબારક પઠાણ, માહિર યાકુબ પઠાણ, ફૈઝાન જહીર પઠાણ, તૌફીક ઉર્ફે તોસીક હુશેન પઠાણ, અયાન લીયાકત પઠાણ, મોઇન ફિરોજ પઠાણ, મારુફ ઉર્ફે નુરાની મુબારક પઠાણ અને સલમાન આરીફ પઠાણ (રહે. તમામ ચાંદણા) જ્યારે આ કેસનો અન્ય એક આરોપી સાહીલ લીયાકત ઉર્ફે દાઉદ પઠાણ હજુ પોલીસ પકડથી દૂર છે, જેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

સ્થાનિકોમાં આક્રોશ: ફાંસીની માંગ

ખેડામાં રિ-કન્સ્ટ્રક્શનની કામગીરી દરમિયાન ઘટનાસ્થળે સ્થાનિકોની ભારે ભીડ જોવા મળી હતી. લોકોમાં આ નરાધમો પ્રત્યે એટલો આક્રોશ છે કે તેઓએ તમામ આરોપીઓને જાહેરમાં ફાંસી આપવાની માંગ કરી છે. હાલ પોલીસે આ મામલે ગુનાના દરેક સ્થળની વિગતો મેળવીને નકશો તૈયાર કર્યો છે, જે ટેકનિકલ પુરાવા તરીકે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

એસીબીનો મોટો ઘડાકો | 55 લાખની લાંચ મામલે ગાંધીનગરની ટીમે જાળ બિછાવી સકંજામાં લીધા

નડિયાદ જીએસટીમાં સુપ્રિટેન્ડન્ટ અને ઈન્સ્પેક્ટર ૩.10 લાખ લેતા પકડાયાં

ટ્રાન્સપોર્ટરની પકડાયેલી ગાડી છોડવા માટે ખેલ ખેલાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

નડિયાદ સેન્ટ્રલ જી.એસ.ટી. ઓફિસમાં ભ્રષ્ટાચારનો મસમોટો મામલો સામે આવ્યો છે. ટ્રાન્સપોર્ટરની પકડાયેલી ટ્રક છોડવાના બદલામાં 55 લાખની તોતિંગ લાંચ માંગનાર સુપ્રિટેન્ડન્ટ અમરનાથ સરોજ અને ઈન્સ્પેક્ટર સુબોધ ચૌહાણને શનિવારે ગાંધીનગર એ.સી.બી.એ 10 લાખનો પ્રથમ હપ્તો લેતા દબોચી લીધા છે. આ સફળ ટ્રેપિંગથી ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ બનાવની વિગતો મુજબ, એક ટ્રાન્સપોર્ટરની ગાડીમાં કાગળોની ક્ષતિ બતાવી જી.એસ.ટી.ના અધિકારીઓએ ગાડી પકડી હતી. આ ગાડી છોડાવવા માટે સુપ્રિટેન્ડન્ટ અમરનાથ સરોજ અને ઈન્સ્પેક્ટર સુબોધ ચૌહાણે કાયદેસરની કાર્યવાહી કરવાને બદલે 55 લાખ રૂપિયાનો 'વહીવટ' કરવાની માંગ કરી હતી. લાંબી રકઝક બાદ લાંચનો પ્રથમ હપ્તો 10 લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું.

આ ભ્રષ્ટ અધિકારીઓને પાઠ ભણાવવા વેપારીએ ગાંધીનગર એ.સી.બી.નો સંપર્ક સાધ્યો હતો. એ.સી.બી.ના મદદનીશ નિયામક એ.કે. પરમારના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા શનિવારે સેન્ટ્રલ જી.એસ.ટી. ભવન ખાતે છટકું ગોઠવવામાં આવ્યું હતું. જ્યારે ફરિયાદી 10 લાખની રોકડ રકમ લઈને ઓફિસે પહોંચ્યા અને બંને આરોપીઓએ નાણાં સ્વીકાર્યા, ત્યારે જ એ.સી.બી.ની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. નડિયાદ જેવી મહત્વની ઓફિસમાં ક્લાસ-2ના બે અધિકારી મસમોટી લાંચ લેતા ઝડપાતા સમગ્ર વિભાગમાં સન્નાટો છવાઈ ગયો છે. એસીબીએ સ્થળ પર જ પંચનામાની કાર્યવાહી કરી લાંચની રકમ જપ્ત કરી છે. હાલ બંને આરોપીઓની અટકાયત કરવામાં આવી છે અને આ કેસમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ ? તે બાબતે વધુ તપાસ માટે રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

લુણાવાડામાં 1.35 લાખની બાઈક ચોરાઈ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.18

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં બાઈક ઉઠાંતરી કરનાર ટોળકી ફરી સક્રિય થઈ છે.

લુણાવાડા શહેરની મહી સોસાયટીમાં રહેતા અને એચડીએફસી બેંકમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા બળવંતસિંહ પગીએ તેમના ઘરના પાર્કિંગમાં રાત્રિના સમયે પોતાની મોટરસાયકલ (નંબરઃ GJ-35-BA-4605) સ્ટેયરિંગ લોક કરીને પાર્ક કરી હતી. બીજે દિવસે સવારે જાગીને જોતા પાર્કિંગમાંથી બાઈક રહસ્યમય રીતે ગાયબ જણાઈ હતી. આસપાસમાં તપાસ કરવા છતાં બાઈક ન મળી આવતા, આશરે ૧,૩૫,૦૦૦ની કિંમતના વાહનની ચોરી અંગે લુણાવાડા ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ચાર ગામોના જોડાણથી બનેલા વોર્ડમાં રાજકીય ગરમાવો

નડિયાદના વોર્ડ 1માં વિકાસ અને વિસંગતતા વચ્ચે જંગ

જમીનોના આસમાની ભાવ અને આવાસની અછત મુખ્ય મુદ્દા રહેશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ યોજાઈ રહેલી પ્રથમ ચૂંટણીમાં વોર્ડ નંબર 1 સહુના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ડભાણ, મંજીપુરા, કમળા અને યોગીનગરને સમાવતા આ વોર્ડમાં ગામઠી સંસ્કૃતિ અને આધુનિક ટાઉન પ્લાનિંગનો અનોખો સમન્વય જોવા મળે છે. ભૌગોલિક રીતે આ વોર્ડ અમદાવાદ-વડોદરા રેલવે લાઈન અને હાઈવેથી વિભાજિત હોવાથી મતદારો સુધી પહોંચવું ઉમેદવારો માટે પડકારજનક છે.

આ વિસ્તાર પરંપરાગત રીતે સત્તાધારી પક્ષનો ગઢ રહ્યો છે, વળી રાજ્યકક્ષાના મંત્રી સંજયસિંહ મહીડા પણ આ જ વોર્ડના કમળા વિસ્તારના વતની હોવાથી વિપક્ષ માટે અહીં ગાબડું પાડવું મુશ્કેલ મનાય છે. જોકે, ફળદ્રુપ જમીનોનું કોંક્રિટના જંગલોમાં થતું રૂપાંતર, આસમાને પહોંચેલા જમીનના ભાવ અને ગરીબો માટે આવાસોની અછત તંત્ર સામે સવાલો ઉભા કરી રહ્યા છે. નવા ભળેલા વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિલંબને કારણે સ્થાનિકોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે.જે મતદાન પર અસર કરી શકે છે.

ફિલ્મી 'વિલન' હવે રાજકારણમાં 'હીરો' બનશે?

ભાજપે વોર્ડ નં.1માં પસંદ કરેલા ઉમેદવાર સુનિલકુમાર સોનારા હાલ રાજકીય કારકીર્દી બનાવવા મેદાને આવ્યા છે. પરંતુ આ સાથે જ તેઓ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ કામ કરી રહ્યા છે. મોટાભાગે તેઓ ફિલ્મોમાં વિલનની ભૂમિકા ભજવે છે, ત્યારે હવે રાજકારણમાં હિરો બનશે કે મતદારો વિલનની ભૂમિકામાં જ બેસાડશે, તે જોવુ રહ્યુ. જો કે, તેમના પિતા રમણભાઇ સોનારા અગાઉ ગામના સરપંચ રહ્યા હોવાથી તેમનું પલડુ ભારે રહે તેવી શક્યતાઓ છે.

વોર્ડ નં. 1 ની વસ્તીનું ગણિત

વિસ્તાર	વસ્તી
યોગીનગર	3,071
કમળા	2,985
ડભાણ	7,317
મંજીપુરા	7,324
કુલ વસ્તી	**20,697**

ચૂંટણી મેદાને કોણ આમને સામને?

ભાજપ : લીલાબેન પરમાર, ભાવિશાબેન પટેલ, સુનિલકુમાર સોનારા, પરેશભાઈ પટેલ.

કોંગ્રેસ : પ્રીતિબેન મેકવાન, હિતેન્દ્રકુમાર પરમાર, જીગરકુમાર પટેલ.

વોર્ડ ન.1માં ભૌગોલિક અંતરાયો

વોર્ડ નં.1ના સીમાંકનમાં સ્પષ્ટ છે કે આ વોર્ડની હદ અમદાવાદ-વડોદરા રેલવે લાઈન, નડીઆદ-કપડવંજ રેલવે લાઈન અને નડીઆદ-મહેમદાવાદ રોડને વારંવાર ઓળંગે છે. રાજકીય દ્રષ્ટિએ આનો અર્થ એ છે કે સમગ્ર વોર્ડ મોટા ભૌતિક અવરોધોથી ટુકડાઓમાં વહેંચાયેલો છે. ઉમેદવારો માટે રેલવે લાઇનની પેલે પાર અને આ પાર રહેતા મતદારોને સમાન વિકાસના વચનો આપવા અને અંડરપાસ કે ટ્રાફિકની સમસ્યાઓ ઉકેલવી એ ચૂંટણી પ્રચારનો સૌથી મોટો અને જટિલ મુદ્દો બની રહેશે.

માનવીય સંબંધોની મર્યાદા ઓળંગનાર શખ્સ સામે કડક કાર્યવાહી

કાકી પર દુષ્કર્મ ગુજારનારા ભત્રીજાને 10 વર્ષ કેદની સજા

અદાલતે આરોપીને 30 હજારનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

મહુધા તાલુકાના હેરંજમાં સગા લોહીના સંબંધોને લાંછન લગાડી પોતાની જ સગી કાકી પર દુષ્કર્મ ગુજારનારા પાપી ભત્રીજાને નડિયાદની સ્પેશિયલ અદાલતે 10 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સરકારી વકીલની ધારદાર દલીલો અને મજબૂત દસ્તાવેજી પુરાવાઓને આધારે અદાલતે આરોપીને દોષિત ઠેરવી સમાજમાં દાખલો બેસે તેવો ન્યાયિક ચુકાદો આપ્યો છે.

મહુધાના હેરંજ શક્તિનગર વિસ્તારમાં રહેતા શખસે ગત તારીખ 15મી જૂન,2023 અને 26મી જુલાઈ, 2023ના રોજ કાકી ઘરે એકલા હોવાનો લાભ ઉઠાવી તેમની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આ અત્યાચાર બાદ આરોપીએ પીડિતાને ધમકી આપી હતી કે જો આ અંગે કોઈને વાત કરવામાં આવશે તો તે તેને જાનથી મારી નાખશે. સતત મળતી ધમકીઓ વચ્ચે આખરે મામલો પોલીસ મથકે પહોંચતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી જરૂરી પુરાવા એકત્ર કરી આરોપીની ધરપકડ કરી હતી. બાદમાં ચાર્જશીટ કોર્ટમાં રજુ કરી હતી.

નડિયાદની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ન્યાયાધીશ પી.પી. પુરોહિત સમક્ષ ચાલેલા આ કેસમાં સરકારી વકીલ યોગી કે. બારોટે રજૂઆત કરી હતી કે આરોપીએ કૌટુંબિક વિશ્વાસનો ભંગ કરી અત્યંત જઘન્ય ગુનો આચર્યો છે. અદાલતે પીડિતાના નિવેદન અને વૈજ્ઞાનિક પુરાવાઓને ગ્રાહ્ય રાખી આરોપીને 10 વર્ષની સખત કેદ અને 25 હજાર રૂપિયાનો દંડ, તેમજ 3 વર્ષની સખત કેદ અને 5 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો તેણે વધુ કેદ ભોગવવી પડશે તેમ અદાલતે હુકમમાં જણાવ્યું છે.

બોરસદમાં આંતરરાજ્ય સાયબર ફ્રોડનો પર્દાફાશ

બેંક ખાતા મેળવી એપ્લિકેશન અને ઓટીપી મારફતે 17.98 લાખની હેરફેર કરી

(પ્રતિનિધિ) બોરસદ તા.18

આણંદ સાયબર ક્રાઇમ પોલીસે જિલ્લાના બોરસદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંગઠિત કાવતરું રચીને આચરવામાં આવતા એક મોટા આંતરરાજ્ય સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ ટોળકીએ નિર્દોષ લોકોના બેંક એકાઉન્ટ મેળવી તેનો દુરુપયોગ કરીને કુલ રૂ. 17,98,857ની છેતરપિંડી આચરી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આણંદ સાયબર ક્રાઇમ પોલીસના સૂત્રોના જણાવ્યાનુસાર, આ સાયબર ફ્રોડના સમગ્ર કારસ્તાનમાં મુખ્ય આરોપી તરીકે દશરથભાઈ દજુજી ઠાકોર (અમદાવાદ), પ્રુથ્વીરાજ બબાભાઈ ચૌધરી (ચાણસમા), સીકંદર સુંદરલાલ મીણા (સલુમ્બર) અને ઉત્કર્ષ ભરતભાઈ પટેલ (વિસનગર) એકબીજાના સંપર્કમાં રહીને લોકો સાથે છેતરપિંડી કરતા હતા. આ ગુનાહિત પ્રવૃત્તિમાં દક્ષાબેન પ્રજાપતિ નામની મહિલા સાથીદાર પણ જોડાયેલ હતી. આ આરોપીઓએ મેળાપીપણામાં કાવતરું રચી પ્રુથ્વીરાજ ચૌધરીના ગુજરાત ગ્રામીણ બેંકના ખાતામાં ફ્રોડના નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આ ઠગબાજ ટોળકી સાયબર ફ્રોડના નાણાં હોવાનું જાણવા છતાં, 'સેન્ડર એપ્લિકેશન' મારફતે ઓટીપી શેર કરીને નાણાંની હેરફેર કરતી હતી. આ મામલે આણંદ સાયબર ક્રાઇમ પોલીસે ગુનાખોરો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

કડાણાનો રિઢો શખસ પાસા હેઠળ ધકેલાયો

કડાણા | મોટા ભાગલીયા ગામના વિક્રમ સોમાભાઈ માલીવાડ સામે પોલીસે લાલ આંખ કરી છે. લોકલ ક્રાઇમ બ્રાંચ દ્વારા આ શખ્સની અસામાજિક પ્રવૃત્તિના પુરાવા એકત્ર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત રજૂ કરી હતી. મેજિસ્ટ્રેટ દ્વારા ઈસમ વિરૂધ્ધ વોરંટ ઈસ્યુ થતા જ વિક્રમ માલીવાડની અટકાયત કરી તેને મધ્યસ્થ જેલ, ભુજ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

વડતાલધામમાં જેઠ પૂનમ સુધી શ્રીહરિને ચંદનના વાઘા ધરાવાશે

અખાત્રીજના રોજ પરશુરામ જયંતી અને મોસંબી ઉત્સવનું વિશેષ આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.18

સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની ગણાતા વડતાલધામમાં ગ્રીષ્મઋતુના પ્રારંભે દેવોને શીતળતા બક્ષતા ચંદનના વાઘા ધરાવવાનો ભક્તિમય પ્રારંભ થઈ રહ્યો છે. અખાત્રીજથી જેઠ પૂનમ સુધી દરરોજ મંદિરમાં બિરાજતા દેવોને આ મનોહર શણગાર ધારણ કરાવવામાં આવશે.

વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીના જણાવ્યા અનુસાર, ગ્રીષ્મઋતુમાં દેવોને ચંદનના વાઘા અર્પણ કરવા એ એક પર્વ સમાન છે. આ શણગાર વડતાલ તાબાના તમામ શિખરબદ્ધ મંદિરોમાં પણ કરવામાં આવશે. આ સાથે જ રવિવારે પરશુરામ જયંતી નિમિત્તે મંદિરમાં વિશેષ ઉજવણી અને બપોરે 3થી 6 કલાક દરમિયાન યુવાસભાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ચેરમેન ડો. સંતસ્વામી તથા શ્યામસ્વામીની પ્રેરણાથી અલીન્દ્રાના હરિભક્ત વિશાલભાઈ પટેલ દ્વારા દેવોને 500 કિલો મોસંબીનો અન્નકૂટ ધરાવવામાં આવશે. આ મોસંબી ઉત્સવના દર્શનનો સમય સવારે 10-30થી 12-30 અને બપોરે 3-30 થી 6-00 વાગ્યા સુધીનો રહેશે. આગામી 17મી મેથી પ્રારંભ થતા અધિક (પુરુષોત્તમ) માસ દરમિયાન પણ વડતાલ મંદિરમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ માસમાં આવતી નોમ, અગિયારસ, અમાસ, પૂનમ અને રવિવારના દિવસોએ દેવોને ચંદનના વાઘા ધરાવી વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવશે. ચેરમેન ડો. સંતસ્વામી તથા કોઠારી દેવપ્રકાશ સ્વામીએ ખેડા જિલ્લા સહિત તમામ ધર્મપ્રેમી જનતાને આ દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.